# ૧૧. ૧૦. જૈન સાહિત્યની પ્રસિદ્ધ કૃતિઓનો પરિચય.

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં પદમૂલક તથા કથામૂલક એમ બે સમૃદ્ધ પરંપરા છે. પદમાં કેન્દ્રસ્થાને સંવેદન ઘુંટાયેલ ભાવ, ઊર્મિતત્ત્વ કે વર્ણનો હોય છે. જ્યારે કથામૂલક ધારામાં કેન્દ્રસ્થાને કોઈ કથા રસવતી હોય છે.

પ્રાચીન ભારતીય કથા સાહિત્યમાં મુખ્યત્વે ત્રણ ધારાઓ પ્રચલિત છે.

(૧) બ્રાહ્મણસ્રોત (૨) બૌદ્ધસ્રોત (૩) જૈનસ્રોત

પ્રાચીન ગુજરાતી સાહિત્યમાં રાસ, આખ્યાન, પ્રબંધ, પવાડા, પદ્યકથા, પદ, પ્રાસંગિક ગીતો વગેરે વિવિધ પ્રકારો ખેડાયેલા છે. તેમાંથી ૧૨માં સૈકાથી છેક ૧૫માં સૈકા સુધી સતત ખેડાતું આવેલું અને ત્યાર પછી પણ છેક ૧૮માં સૈકા સુધી વિકસતું રહેલું આ સાહિત્ય સ્વરૂપ “રાસ” આપણા સાહિત્યમાં વિશિષ્ટ અને અનોખું સ્થાન ધરાવે છે.

મધ્યકાલીન અન્ય સાહિત્યપ્રકારોની જેમ રાસ પણ કથામૂલક સાહિત્ય પ્રકાર છે. રાસ માટે ગુજરાતીમાં ‘રાસ’ સંજ્ઞા જ છે. તે ઉપરાંત ચોપાઈ, પ્રબંધ, પવાડાને નામે પણ ઓળખાય છે. આ માટે આપણે ત્યાં એક ખ્યાલ પ્રવર્તે છે તે મુજબ જૈન ધારાનું આ સાહિત્ય કઈ બાબત ઉપર અવલંબિત છે તેનો ખ્યાલ આવે છે. હકીકતે તો આ ધારાના કથા સાહિત્યનું ખરૂં મૂળ ઈ.સ.ની પહેલી શતાબદીમાં ગ્રંથસ્થ થયેલી (૧) આગમ (૨) નિર્યુક્તિના દશગ્રંથો (૩) પિંડ, ઓઘ અને આરાધના ( ત્રણ સ્વતંત્ર નિર્યુક્તિઓ ) અને ત્યાર પછી રચાયેલી (૪) ચૂર્ણિ, ભાષ્ય અને ટીકા છે. આમાંથી ક્રમ બે, ત્રણ અને ચારમાંના ગ્રંથોમાં ધર્મના મૂળભૂત સિદ્ધાંતોને સરળતાથી સજાવતી કથાઓ છે. મધ્યકાલીન ગુજરાતી જૈન કથાસાહિત્ય આ ગ્રંથોના કથાનકો ઉપર આધારિત છે.

રાસમાં શું આવે ?

આ સ્વરૂપના વિષયો અંગે એક માન્યતા પ્રવર્તે છે. તે મુજબ “જૈન ધર્મચરિતાનુરાગી” હોય એ ચરિત્રને ઉપસાવતું સાહિત્ય સવિશેષ છે. હિન્દના કોઈ પણ સંપ્રદાયમાં ચરિત્ર વિષયક આટલું વિપુલ સાહિત્ય સર્જાયેલ નથી. રાસના કેન્દ્રમાં ચરિત્ર જ હોય છે. પરંતે ક્યારેક એ ચરિત્ર પ્રચલિત લોકકથાનું હોય, ક્યારેક ધર્મકથાનું હોય, ક્યારેક વ્રતકથાનું હોય, ક્યારેક નર્યું ઐતિહાસિક હોય, ક્યારેક પૌરાણિક હોય, ક્યારેક રૂપાત્મક રીતે રાસ રચાયા હોય, ક્યારેક માત્ર નર્યા બોધ-ઉપદેશ-કેન્દ્રમાં હોય, ક્યારેક સંપ્રદાયના વિધિવિધાનને કે પ્રસંગને આલેખતા રાસ હોય. આમ કથામિશ્રિત ચરિત્ર, શુદ્ધચરિત્ર અને ચરિત્ર કેન્દ્રમાં ન હોય પણ બોધ કે વિધિજ કેન્દ્રમાં હોય છતાં રાસના સ્વરૂપમાં કૃતિ રચાઈ હોય એવાં ઉદાહરણો મધ્યકાલીન જૈનકથા મૂલક રાસસાહિત્યમાંથી વિપુલ મળે છે.

આમ મધ્યકાલીન ગુજરાતી રાસસાહિત્ય એક વિલક્ષણ સાહિત્યસ્વરૂપ છે તેની વિષય સામગ્રીમાં એકવિધતા છતાં રસપ્રદ એવું ઘણું બધું જોવાં મળે છે એનું કારણ આ ધારાની કૃતિઓમાં ભિન્ન ભિન્ન ધારાની કથાઓ

પણ યથાસમયે ઉમેરાતી રહી છે. એટલે વૈન સ્રોતના કથાનકોનું મૂળ વૈદિક, બૌદ્ધ કે જૈન પરંપરામાં જોઈ શકાય. ઋષભદેવ, પાર્શ્વનાથ અને મહાવીરસ્વામી આદિ તીર્થંકરોની જીવન વિષયક કથાઓ, શારીરિક અને માનસિક યાતનાઓ, અહિંસા, કર્મવિપાક, સંસાર સંબંધોની નશ્વરતા ઈત્યાદિનાં કથાનકો, મુખ્ય સાધુ-સાધ્વીના જીવનસંદર્ભે પ્રગટેલા ચરિત અને પ્રબંધો નિઃશંક જૈનપરંપરામાં જન્મેલી જૈનધારાની નિજી મૂડી છે શેષ કથાનકોનાં મૂળ અન્ય પરંપરામાં જોઈ શકાય છે.

રાસની પ્રાચીનતા

હકીકતે તો રાસ અત્યંત પ્રાચીન એવું ભારતીય સાહિત્યનું એક સ્વરૂપ છે. સંસ્કૃત સાહિત્યમાં પુરાણો, સંગીતશાસ્ત્રના તેમજ નાટ્યશાસ્ત્રના ગ્રંથોના રાસા કે રાસકના જુદા જુદા પ્રકારના ઉલ્લેખો મળે છે. આમાંનો સહુથી પહેલવહેલો “રાસ” શબ્દ બીજા-ત્રીજા શતકમાં રચાયેલા “હરીવંશ”માં વપરાયેલો મળે છે. ત્યાર પછી વિષ્ણુપુરાણ, બ્રહ્મપુરાણ તથા ભાગવત્ વગેરેમાં તેનાં પુષ્કળ વર્ણનો મળે છે.

રાસ પ્રાચીનકાળમાં જે સ્વરૂપે રચાયા હતા તે સ્વરૂપે મધ્યકાલીન યુગમાં રચાય નથી. કારણકે આ સ્વરૂપ પછી તો એક સંપ્રદાય પૂરતું સીમિત થઈ ગયું અને મુનિઓ જ બહુધા તેના રચયિતા હતા. તેઓ સંપ્રદાયના કંઠીબંધ ભક્તો હોવાના કારણે તે રાસનાં લક્ષણોમાં પોતાના સંપ્રદાયને અનુકૂળ વિગતો ઉમેરાઈ. તેઓનો ધર્મ પ્રચારનો હેતુ હોવાના કારણે રાસની રચનામાં જૈનના ધાર્મિક અને નૈતિક સિદ્ધાંતોનું પ્રતિપાદન કરવામાં આવતું અને તે સિદ્ધાંતો ચાતુરીપૂર્વક વાર્તામાં ગૂંથી દેવામાં આવતા. બીજી મહત્ત્વની બાબત એ પણ કહી શકાય કે રાસ સાહિત્ય આપણું પ્રાચીન સાહિત્ય છે કારણ કે તેરમી-ચૌદમી સદીના પ્રારંભમાં તો આ સાહિત્યપૂર્ણ રીતે ખેડાયેલું જોવા મળે છે.

પંદરમી સદી પૂર્વેના સારી પેઠે ખેડાયેલા આ રાસ સાહિત્યને લક્ષમાં લઈએ અને ગુજરાતી સાહિત્યનો આરંભ શાલિભદ્રસૂરિકૃત “ભરતેશ્વર બાહુબલિ રાસ” થી ગણીએ તોતે પછીના ત્રણસો વર્ષના ગાળાને શ્રી કે. કા. શાસ્ત્રી કહે છે તેમ “રાસયુગ” નામ આપવામાં સાહસ નથી.

## રાસ એટલે શું?

“છંદાનુશાસન” માં પણ “રાસક” નો ઉલ્લેખ છે. “રાસક” ની વ્યાખ્યા પ્રસ્તુત ગ્રંથમાં આ પ્રમાણે આપવામાં આવી છે.

રાસ-રાસા શબ્દની વ્યુત્પત્તિ વિશે વિવિધ શબ્દો સૂચવવામાં આવે છે. રહસ્ય, રસ અને રાસાયણ વગેરે શબ્દોને આની ઉત્પત્તિના મૂળમાં ગણવામાં આવ્યા છે. શ્રી કે.કા.શાસ્ત્રીના મતાનુસાર રાસ કે રાસો શબ્દ સંસ્કૃત થ્રગર્ક્ષેમાંથી પ્રાકૃત થ્રગત્ત્કશ્વમાંથી, અપભ્રંશ થ્રગશ્ર શબ્દ દ્વારા ગુજરાતી રાસો એમ નિષ્પન્ન થયેલ છે.

રાજસ્થાની ભાષામાં થ્કગશ્ર શબ્દ કથાકાવ્ય માટે વપરાય છે. તે પરથી રાસ-રાસા શબ્દની ઉત્પત્તિ થઈ હશે એમ પણ મનાય છે. ફ્રાન્સના ભાષા શાસ્ત્રીઓએ “રાજસૂર્ય” માંથી રાસ શબ્દની ઉત્પત્તિ કલ્પી છે.

શ્રી વિજ્યરાય ક. વૈદ્યના મતે રાસ કે રાસો એટલે પ્રાસયુક્ત પદ્યમાં રચાયેલ. ધર્મવિષયક અને કથાત્મક કે ચરિત્રાત્મક સામાન્યતઃ કાવ્યગુણ થોડે અંશે હોય તેવું પણ સમકાલીન દેશસ્થિતિ તથા ભાષાની માહિતી સારા પ્રમાણમાં આપતું લાંબું કાવ્ય.

રાસના બે પ્રકાર છે. તાલારાસ અને લકુટારાસ, આ સુગેયનૃત્ય-કાવ્યો વાંજિત્રો સાથે ગવાતાં અને સાથે કૂદરડી પણ ફરવામાં આવતી હશે. આજ કાલ પણ “રાસ રમવો” એવો શબ્દ પ્રયોગ કરીએ છીએ એટલે રાસની ટૂંકી વ્યાખ્યા એ પ્રમાણે આપી શકાય કે ટૂંકા ગાન સાથે નૃત્ય પ્રયોજ્વામાં ઉપયોગી થાય તેવાં કાવ્ય તે “રાસ” “રાસ” અભિનયક્ષમ ગેય કાવ્યો છે.

રાસનાં લક્ષણો :

(૧)રાસના આરંભમાં મંગલાચરણ અને સ્તુતિ આવે છે અને અંતે મુખ્યત્વે પોતાનુ નામ, ગુરુનું નામ, ગ્રથરચનાની સાલ, ફલશ્રુતિ, વગેરે માહિતી આપતાં કોઈક કવિ પોતે રચેલ ગ્રથની પ્રશસ્તિ પણ અંતે આપતા હતા.

(૨)રાસનું મહત્ત્વનું તત્ત્વ છે ધર્મોપદેશ. કોઈપણ વિશેષ કથાનકો દ્વારા અહિંસા, દયાશીલ વગેરેનો ઉપદેશ તેમજ જૈન ધર્મની ફિલસૂફી મુખ્યતયા કર્મવાદનું મહત્ત્વ કર્મનાં ફળ, કોણે કઈ રીતે ભોગવ્યાં તેના દૃષ્ટાંતો સહિત્ પ્રરૂપણા થતી.

(૩)રાસનું ત્રીજું વ્યાપક લક્ષણ છે કે પ્રકૃતિવર્ણન, પૂજાવર્ણન, સ્ત્રી-પુરુષોનાં વર્ણન, નગરનું વર્ણન, યુદ્ધનું વર્ણન, વિવાહનું વર્ણન, વરઘોડાનું વર્ણન વગેરેનું વિસ્તૃત વર્ણન પ્રાપ્ત થાય છે.

(૪) વિવિધ ઢાળો અને છંદોમાં રાસરચના થાય છે. વસ્તુ દૃષ્ટિએ રાસનું વિભાગીકરણ કરીને તેને અધિકાર, ઉલ્લાસ, પ્રસતાવ અને ખંડ વગેરે નામ આપવામાં આવતા. દુહા, ચોપાઈ, સોરઠા, રોળા વસ્તુ અને સવૈયા વગેરે છંદો પંદરમી સદી પૂર્વેના રાસમાં જોવા મળે છે અને તે પછીના રાસાઓમાં દેશી, ઢાળો અને બંધો જણાય છે.

આ ઉપરાંત માલિની, ઉપજાતિ, આર્યા,શાર્દૂલવિક્રિડિત વગેરે સંસ્કૃત વૃત્તો પણ પ્રયુક્ત થતા. આ ઉપરાંત અર્થાલંકારો અને શબ્દાલંકારોનું પ્રાચુર્ય પણ રાસનું સામાન્ય લક્ષણ ગણીશકાય.

આમ રાસસાહિત્ય એ બહુધા જૈનમુનિઓ તરફથી જ મળેલી ભેટ છે એની સાંપ્રદાયિક મુદ્રા જેટલી સ્પષ્ટ દૃષઢટિગોચર થાય છે તેવી જ તેની પ્રસ્તુતીકરણ માટેની વિગતો સંદંભો મળે છે.

(૧)　　લધુરાસ કૃતિઓ :-

લધુરાસકૃતિઓ એ પ્રારંભની રાસકૃતિઓ છે. આ રાસાઓ અભિનયમૂલક છે અને પ્રસ્તુતીકરણ માટે હતી એટલે કે તેને ઁીકિંદ્વિહખ્ત છિં ની નજીકના સ્વરૂપ તરીકે ઓળખાવી શકાય. લધુરાસકૃતિનું પ્રયોજન ઉત્સવ પ્રસંગે જિનાલયમાં, સમૂહમાં ગાન માટે, ધાર્મિક વાતાવરણ રચવાનું હતું. આવા લધુરાસાઓ ૨૦-૨૫ કે ૬૦-૭૦ કડી જેટલા વિસ્તારના હતા. લધુરાસમાં કથાનક પાંખુ હોય છે, કથા ટૂંકાણથી આલેખાયેલી દૃષ્ટિગોચર થાય છે.

આવા લધુરાસાઓમાં ધર્મનો રંગ ચડાવેલો હોય છે. દંતકથાઓનો પટ લઈને ધાર્મિક માન્યતા દૃઢીભૂત થતી હોય છે અને આવા રાસાઓનું પ્રયોજન પણ પુન્યફળ પ્રાપ્તિ હોય છે.

(૨) દીર્ઘ રાસકૃતિઓ :-

દીર્ઘ રાસકૃતિઓમાં કથાનો ક્રમિક વિકાસ કેન્દ્રસ્થાને હોય છે. અહીં પણ ચરિત્રનાં ધર્મકાર્ય કે પુન્યકાર્યોનું આલેખન થાય છે. પરંતુ એને મૂળ કથાનક સાથે સાંકળીને કોઈ નવી ઘટનાના ઉદ્‌ભવ માટે કથાને રસપ્રદ બનાવવા માટે બીજી ત્રીજી દંતકથાઓ કે અવનવા પ્રસંગોને અહીં પ્રયોજવામાં આવતા હોય છે. એમ કહી શકાય કે કૃતિઓમાંથી આખરે રસપ્રદ-બોધપ્રદ કથા પ્રાપ્તિ થતી હોય છે. આમ દીર્ઘ રાસકૃતિઓનું મહત્ત્વ તેમાં રહેલું કથાતત્ત્વ અને રજૂ કરવાની વિવિધ રીતિઓને કારણે છે. કર્તા અહીં વિવિધ પ્રયુક્તિઓ યોજે છે. સર્જક, કથા કહેવા માટે જુદાં જુદાં કથનકેન્દ્રો ઊભા કરે છે. ક્યારેક એકજ કથાનક જુદાં જુદાં દૃષ્ટિબિંદુથી રજૂ કરે છે. સર્જક કથાનકને પોતપોતાની રીતે વિભાજિત કરે છે. આમ દીર્ઘ રાસ કૃતિઓનું મહત્ત્વ તેના વિષય નિરૂપણ અને અભિવ્યક્તિનું સ્વરૂપ સંદર્ભે છે.

રાસ સાહિત્ય :

રાસસાહિત્ય સ્વરૂપ વિષયે રચાયેલી રાસકૃતિઓ ઘણીબધી પ્રકાશિત થઈ છે. આશરે ૮૦૦ જેટલી રાસકૃતિઓ મુદ્રિત સ્વરૂપે ઉપલબ્ધ છે. આપણે ત્યાં છેક ઈ.સ. ૧૮૮૫ થી જૈન રાસકૃતિઓ સ્વતંત્ર કે સંચયો રૂપે પ્રકાશિત થતી રહી છે.

તેમાં આશરે ૩૦૦-૪૦૦ જેટલી રાસકૃતિઓ મુદ્રિત સ્વરૂણે છે. એ ઉપરાંત ભીમસિંહ માણેક, લાલચંદ ભગાવનજી ગાંધી, અનેક જૈનમુનિઓ, તથા ડો. રમણલાલ ચી. શાહ દ્વારા સ્વતંત્ર રીતે પણ સંપાદનો પ્રકાશિત થયેલ છે. આ બધી રાસકૃતિઓ જોતાં ખ્યાલ આવે છે કે વિષયની દૃષ્ટિએ એમાં અપાર વૈવિધ્ય છે. માટે ગુજરાતીમાં શ્રી કે.કા.શાસ્ત્રી, ડો. હરિવલ્લભ ભાયાણી, ડો. મંજુમદાર, ડો. ચંદ્રકાન્ત મહેતા અને ડો. ભારતી વૈદ્યે વર્ગીકરણ પ્રસ્તુત કર્યા છે. ખાસ કરીને એમાંથી શ્રી કે.કા.શાસ્ત્રી, ડો. ચંદ્રકાન્ત મહેતા અને ડો. ભારતી વૈદ્યે વર્ગીકરણ જુદી જુદી રીતે કર્યું છે.

શ્રી કે.કા.શાસ્ત્રીએ “આપણા કવિઓ” ખંડ-૧, (ઈ.સ. ૧૯૪૨) તથા “ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ” ખંડ-૧ (ઈ.સ. ૧૯૭૩)માં રાસસાહિત્ય સ્વરૂતની પ્રાચીનતાને ઉદાહરણો આપીને દર્શાવેલ છે અને પછી ચાર રીતે રાસનું વર્ગીકરણ કરેલ છે.

કથાત્મક રાસ :- (૧) ધાર્મિક કથાનક (૨) ચરિત્ર કથાનક

૨ઃ૧ ધાર્મિક કથાનક    ૨ઃ૨ લૌકિક કથાનક    ૨ઃ૪ ઐતિહાસિક કથાનક

૨. તીર્થાત્મક    ૩. ઉપદેશાત્મક    ૪. પ્રકીર્ણ

૪ઃ૧ તાત્ત્વિક ૪ઃ૨ સ્તુત્યાત્મક    ૪ઃ૩ પ્રતિમાપ્રતિષ્ઠા    ૪ઃ૪ પૂજાત્મક

ડો. ચંદ્રકાન્તમહેતા “મધ્યકાળના સાહિત્યપ્રકારો” (ઈ.સ. ૧૯૫૮)માં રાસસાહિત્ય સ્વરૂપની વિગતે સમીક્ષા કરે છે.

ડો. ભારતી વૈદ્ય “મધ્યકાલીન રાસ સાહિત્ય” (ઈ.સ. ૧૯૬૬)માં રાસસાહિત્ય સ્વરૂપની પ્રાચીન પરંપરાનો પણ પરિચય કરાવે છે. તેમજ તે સ્વરૂપની સંસ્કૃત, પ્રાકૃત અને અપભ્રંશ પરંપરા કઈ રીતે ક્રમશઃ બદલાતી રહી છે. અને પછી એતું ગુજરાતીરૂપ પણ કેવું કેવું અવનવું રહ્યા કર્યું એનો વિગતે આલેખ પ્રસ્તુત કરે છે. તેમણે રાસકૃતિઓનું છરીતે વર્ગીકરણ કર્યું છે.

(૧) ક્રિયાત્મક ઃ (૧) લૌકિક કથાત્મક રાસાઓ (૨) ધાર્મિક (૩) પર્વ કે વ્રતકથાઓ

(૨) ચરિત્રાત્મક ઃ (૧) ઐતિહાસિક (૨) પૌરાણિક

(૩) કિયાત્મક ઃ

(૪) બોધાત્મક ઃ

(૫) સાંપ્રદાયિક ઃ (૧) તાત્ત્વિક (૨) ધાર્મિક (૩) તીર્થવર્ણન ચૈત્યપરિપાટી
(૪) ટુરુમહિમા (૫) દીક્ષાવર્ણન (૬) પટ્ટાભિષેકવર્ણન
(૭) નિર્વાણ વર્ણન (૮) ગુર્વાવણિ (૯) પ્રતિમા સ્થાપન
(૧૦) વિધિ (૧૧) પૂજા

(૬) પ્રાસંગિક ઃઆમ સૂક્ષ્મ દૃષ્ટિથી રાસસાહિત્યનું સ્વરૂપ સમજાવતાં, તેનું સૂક્ષ્મ રીતે વર્ગીકરણ કરનારા સંશોધકનું પ્રદાન ઘણુંજ મૂલ્યવાન છે. તેમ છતાં ડો. હરિવલ્લભ ભાયાણીએ “સંદેશ રાસક” (૧૯૪૫)માં જે સ્વરૂપ વિષયક ચર્ચા કરી છે તે પણ મહત્ત્વની છે. ડો. ભાયાણી “રાસક” નામના છંદને કારણે રાસસ્વરૂપ સંજ્ઞા

પ્રાપ્ત થઈ તેમ જણાવે છે અને મંજુલાલ મજમુદારનું પ્રદાન પણ સ્વરૂપ ચર્ચાવિષે ઘણું જ મહત્ત્વનું છે. આ પ્રાચીન રાસસ્વરૂપ વિષે વિગતે આલેખન કરનારા વિદ્વાનોમાં શ્રી મોહનલાલ દેસાઈ, શ્રી ચંદ્રકાન્ત મહેતા, શ્રી કે.કા.શાસ્ત્રી, ડૉ. મંજુલાલ મજમુદાર, ડૉ. હસુ યાજ્ઞિક, શ્રી ડોલરરાય કાકંડ, ડૉ. હરિવલ્લભ ભાયાણી, શ્રી અનંતરાય રાવળ તથા શ્રી ગોવર્ધન પાંચાલનાં નામો ઉલ્લેખનીય છે.

રાસકૃતિઓ :

(૧) ધર્મચરિત્રમૂલક, (૨) ઐતિહાસિકચરિત્રમૂલક, (૩) લૌકિક ચરિત્રમૂલક

એમ ત્રણ પ્રકારની કથાઓ પર મંડિત છે. આમ, ઐતિહાસિક, ધાર્મિક અને લૌકિક ચરિત્રોને કેન્દ્રમાં રાખીને કૃતિઓ રચાઈ છે.

“રાસ” સંજ્ઞા ધરાવતી કે રાસ પ્રકારમાં સમાવેશ પામતી બધી જ પદ્યરચના કથાત્મક નથી. કેટલીક કૃતિઓમાં ઊર્મિતત્ત્વ પણ હોતું નથી. છતાં અનેક જૈન સાહિત્યકારોને હાથે વિપુલ રચનાઓ થઈ છે. બારકી સદીના “સંદેશક રાસક” જેવી ઉત્તમોત્તમ દૂતકાવ્યાત્મક કૃતિથી છેક ૧૯મી સદી સુધી વિપુલતાથી થયા જ કરી છે.

તેરમાં સૈકામાં શાલિભદ્ર સૂરિકૃત “ભરતેશ્વર બાહુબલિ રાસ”, “જંબૂસ્વામીચરિત”, પાલ્હણકૃત “નમિરાસ” વગેરે રાસકૃતિઓ લખાયેલી છે.

ચૌદમાં સૈકામાં અભયતિલક કૃત “મહાવીરરાસ” વિનયચંદ્ર કૃત “બારવ્રતરાસ” અબદેવ કૃત “સમરારાસો” અજ્ઞાતકવિ કૃત “કચ્છૂલીરાસ” વગેરે રાસકૃતિઓ લખાયેલી છે.

પંદરમા અને સોળમાં સૈકામાં આ રાસનો પ્રકાર વધુ વિકાસ પામેલો જોવા મળે છે. વિનયકૃત “ગૌતમસ્વામીરાસ” હીરાનંદ સૂરિકૃત “દશાર્ણભદ્રરાસ” ગુણરત્નસૂરિકૃત “ઋષભરાસ” વગેરે રાસકૃતિઓમાં નવા વિષયો ગૂંથાયેલા છે.

સત્તરમાં સૈકામાં કવિઓને હાથે આ રાસ પ્રકાર ખૂબ ખીલવા પામ્યો છે. તેમાં મહત્ત્વના કવિઓ લાવણ્યસમય, સહજસુંદર તથા ઋષભદાસનાં નામો નોંધ પાત્ર છે.

અઢારમાં સૈકામાં ઉપાધ્યાય યશોવિજયજી, ઉપાધ્યાય વિનયવિજયજી જિનહર્ષ, ઉદયરત્ન, માનવિજય, જ્ઞાનસાગરજી, જ્ઞાનવિમલ તથા અભયસોમ વગેરેએ રાસની રચના કરીને રાસા સાહિત્યના વિકાસમાં નોંધપાપ્ર ફાળો આપ્યો છે.

આમ મધ્યકાળમાં જૈન કવિઓના હાથે ગુજરાતીમાં અત્યંત વિપુલ, મહાન અને સમૃદ્ધ, સાહિત્યની રચના થઈ છે. સમાજનો આ અણમોલ વારસો છે તેમા ઉપાધ્યાય વિનયવિજયજી મહારાજનું સ્થાન પણ ઘણું જ મહત્ત્વનું

છે. ઉપાધ્યાય વિનય વિજયજી મહારાજ સંસ્કૃત સાહિત્યમાં કલ્પસૂત્ર પર ૫૨૬૫૮૦ શ્લોક પ્રમાણ "કલ્પસુબોધિકા" નામની ટીકા "ષટ્વિશતિ-જલ્પસંગ્રહ" , "અર્હન્નમસ્કાર સ્તોત્ર" , "આનંદલેખ" આદિ અદ્ભૂત લખેલ છે.

તત્ત્વજ્ઞાનમૂલક રાસનો ઉદ્ભવ :

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં રાસનો સાહિત્ય પ્રકાર વિવિધ રૂપે અને વિવિધ રંગે વિકસ્યો છે. મુખ્યત્વે આ સાહિત્ય સ્વરૂપના રચયિતા જૈનમુનિઓ છે. આ સાહિત્ય પ્રકાર ખૂબ લોકપ્રિય હોવાથી વધુને વધુ સંખ્યામાં રાસ રચવા લાગ્યા છે. આમ તો નરસિંહ પૂર્વના સાહિત્યને રાસયુગ તરીકે ઓળખવામાં આવે છે. પરંતુ તત્ત્વજ્ઞાન સભર રાસના પ્રયોગો ૧૭ મી સદીથી થવા લાગ્યા છે.

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે દ્રવ્યાનુંયોગના વિષયને કેન્દ્રમાં રાખી "દ્રવ્યગુણ પર્યાયના રાસ" ની રચના કરી અને તે પછી માનવિજય કૃત નયવિચાય-સાતનયનો રાસ-તથા વિક્રમ સંવત ૧૭૨૬માં "નયચક્રરાસ" હેમરાજ નામના મુનિ ભગવંતે રચ્યો છે. વિક્રમ સંવત ૧૭૨૭માં ઉપદેશરત્નકોશ ચોપાઈની રચના કરી છે. અને વિ.સ. ૧૭૬૬માં "ધ્યાનદીપિકા ચતુષ્પદી" ની રચના કરી છે.

ઉપાધ્યાય વિનયવિજયજી મહારજે આગમોનો સારભૂત ગ્રંથ "લોકપ્રકાશ ગ્રંથ" રચ્યો છે. તેમજ વિનયવિજયજી મહારાજનો "શ્રીપાળરાસ" અને આ અપૂર્ણ કૃતિને પૂર્ણતાએ પહોંચાડવા ઉપાધ્યાય યશોવિજયજી મહારાજે જબ્બર પુરૂષાર્થ કર્યો છે.

વિષયની દૃષ્ટિએ રાસ રચનામાં અપાર વૈવિધ્ય મળી આવે છે. રાસાઓની કથા સામગ્રીમાં કથાનાં પાત્રો, રાજાઓ અથવા તો ધનિકો હોય છે. પરંતુ આ સિવાય ચરિત્રાત્મક રાસ, વર્ણનાત્મકરાસ, તીર્થનો મહિમા બતાવતા રાસ, અને જૈન આગમગ્રંથોની પ્રચલિત કથાઓને લક્ષમાં રાખીને રચાયેલ રાસકૃતિ મળે છે.

બારમી સદીમાં ફક્ત ચાર કૃતિ મળે છે તેમાંની બે તો ધર્મચરિત્રમૂલક રચના છે.

તેરમી સદીમાં ૧૧ કૃતિ મળે છે. શાલિભદ્ર, ચંદનબાળા, જંબૂસ્વામી, સ્થૂલિભદ્ર આદિને આવરી લેતી કૃતિઓ છે. તો આબુરાસ અને રેવંતગિરિ જેવી તીર્થમહત્મ્ય બતાવતી કથા અને ધર્મસિદ્ધાંતોને મૂલતવી બારવ્રત રાસ તથા જીવદયા રાસ જેવી રચના મળે છે.

ચૌદમી સદીમાં છવીસ કૃતિ મળે છે. તેમાં ગૌતમસ્વામી વિષેની બે, નેમનાથ વિષયક બે, રચના મળે છે. પરંતુ વિશેષ ઉલ્લેખનીય છે. મહાભારતના લોકપ્રિય કથાનકને કેન્દ્રમાં રાખી રચાયેલા કૃતિ "પંચપાંડવચરિત્ર" અને "નલનવદંતીરાસ" રસપ્રદ રચના છે. લૌકિક કથાનાકને કેન્દ્રમાં રાખીને રાસરચવાનો આરંભ થયો અને

ઈ.સ. ૧૩૫૫માં “હંસરાજ વચ્છરાજ ચોપાઈ” રચના મળી આવે છે. એકના એક વિષય પર ત્રણ કે ચાર રચના પણ મળે છે.

પંદરમી સદીમાં ૯૦ કૃતિઓ મળે છે. “વસ્તુપાલરાસ” , “જાવડભાવડરાસ” , “વિમલ પ્રબંધ” , “ત્રિભુવનદીપકપ્રબંધ” વિશેષ ઉલ્લેખનીય કૃતિઓ છે. પંદરમી શતાબ્દીની રચનાઓ રાસના સાહિત્ય-પ્રકારનો આનંદપ્રદ વિકાસ દર્શાવે છે.

સોળમી સદીમાં ૩૬૫ જેટલી રાસકૃતિ મળે છે. કથા અને કવિતા બન્નેનો સંગમ આ સમયગાળાની રચનામાં જોઈ શકાય છે. વિશેષ ઉલ્લેખનીય કૃતિમાં “આરામશોભા” , “કર્મવિપાકરાસ” , “આઠકર્મરાય” , “શ્રાવકવિધિરાસ” , “જીવસ્વરૂપરાસ” વગેરેને ગણાવી શકાય. આ સમય દરમિયાન ઐતિહાસિક ચરિત્રમૂલક રાસકૃતિઓ મળે છે. જેમકે “કુમારપાળરાસ” , “વિક્રમચરિત્રરાસ” , “અમીપ્રબંધરાસ” , “ભોજપ્રબંધ” આકર્ષણ રાચનાઓ છે. તો લૌકિક ચરિત્રોને કેન્દ્રમાં રાખીને લખાયેલા “અબંડવિદ્યાધરરાસ” , “માધવાનલ કામકંદલાચોપાઈ” , “પંચદંડ” , “સિંહાસન બત્રીશી” , “હંસાઉલી” રસપ્રદ રચનાઓ છે. આજે પણ આ રાસનું ફરી ફરી વાંચન કરવાનું મન થાય તેવા આર્કષક તત્ત્વો તેમાંથી મળી આવે છે.

સત્તરમી સદીમાં ૫૭૪ રાસરચનાઓ મળે છે. સમાન વિષયવાળી “ભરતબાહુબલિરાસ” , “શુકનદીપિકા” , “નવકારસ” , “પાર્શ્વનાથચરિત્ર” , “પાંડવચરિત્ર” આદિ ગણાવી શકાય. પરંતુ ઉત્તમકુમાર અને “શ્રી પાળરાજા” વિષે તો આઠ રચના મળે છે. જ્યારે ગજસુકુમાર, જંબૂસ્વામી અને વિક્રમાદિત્ય વિષે અગિયાર રચના મળે છે. આ સમય દરમિયાન ધર્મચરિત્રમૂલક ધર્મસ્થળમૂલક ઐતિહાસિક ચરિત્રવિષયક અને લૌકિકરચના પર આધારિત ઘણી રચના મળે છે.

અઢારમી સદીમાં ૨૧૨ કૃતિઓ મળે છે અને આ સમય દરમિયાન પણ વિષય તથા નિરૂપણના પણ અનેક પ્રયોગો મળી આવે છે. વિષયનું વૈવિધ્ય ખૂબ નોંધપાત્ર બની રહે છે.

ઓગણીસમી સદીમાં ૫૬ કૃતિઓ મળે છે. અને આગળની સદીની જેમ વિષય તથા નિરૂપણના અનેક રસપ્રદ પ્રયોગો ખાસ ધ્યાન ખેંચે છે. અને જૈન કથાનક કેટલીક ગુણવત્તાથી સમૃદ્ધ છે, તેનો પણ પરિચય કરાવે છે.

સમગ્ર મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં રાસનું સર્જન ઘણી મોટી સંખ્યામાં થયું છે. તેના કેન્દ્રમાં બોધ કે ઉપદેશ હોય છે પણ કથા અને કવિતાના મિલનથી એ બોધ ખૂબ રસપ્રદ બની રહે છે. રાસના સાહિત્ય પ્રકારમાં કથા, બોધ, કવિતા, સંગીત, નૃત્ય વિવિધ રાગ અને ઢાળ, શબ્દ અને ભાષાની મધુરતા વગેરેના સંગમથી રાસકૃતિઓ ખૂબ લોકપ્રિય બની ગઈ છે. અને તેનો રસાસ્વાદ આબાલવૃદ્ધ સૌ કોઈ માણી શકે તેમ હોવાથી આ રચનાઓ મનહર અને મનભર બની ગઈ છે.

આ રાસકૃતિઓમાં બીજી એક ધ્યાનાર્હ બાબત-જીવનધર્મ વિષયક સામગ્રીનું નિરૂપણ છે. જૈનધર્મ યજ્ઞયાગાદિ સ્થૂળ ક્રિયાઓને બદલે તપોમય સંયમી જીવનનો આદર્શ રજૂ કરે છે. મહાવીરસ્વામીએ પ્રબોધેલ સંયમધર્મનું આલેખન "ગૌતમરાસ" માં અનેક સ્થળે થયું છે. આત્મવિજયની મહત્તાનો ઉપદેશ "ભરતેશ્વર બાહુબલિરાસ" માં નિરૂપાયો છે. એમાં પ્રતિપાદિત કરવામાં આવ્યું છે કે શસ્ત્ર કે બાહુબળથી પણ ઉત્કૃષ્ટશક્તિ આત્મવિજયની છે.

સ્થૂલિભદ્ર ઈત્યાદિના સંયમી જીવનને કેન્દ્રમાં રાખીને પણ અનેકરાસ રચાયા છે. રાગાસક્તચિત વિરાગમાં જોડતા ગૌતમસ્વામીની કથાને આધારે "ગૌતમસ્વામી રાસ" માં રાગ, ત્યાગ અને ચિતુશુદ્ધિનો સિદ્ધાંત રજૂ થયો છે. વીરાગતાની ચરમસીમા જૈનરાસોનો મૂલતંત્ર છે, જૈનરાસોનું લક્ષ્ય વીરાગિતા દ્વારા જન્મમરણમાંથી મુક્તિ પામવાનું છે.

જૈનરાસ સાંસારિક ભોગોને તુચ્છ સમજીને યુવાવસ્થામાં જ પૂર્ણ સંયમનું પરિપાલન આવશ્યક માને છે. "નેમિનાથરાસ" માં વર્ણિત નેમિનાથ શૈશવકાળથી જ વિરકત હતા અને સંસારના વિલાસોમાં તેમની જરાપણ સ્પૃહા નહતી, તે બધી વાત વિસ્તારથી વર્ણવેલ છે.

રાસકર્તાઓએ સાંસારિક વ્યક્તિઓના ઉદ્ધાર માટે તીર્થંકરો તેમજ સાધકમુનિઓની જીવનઘટનાઓને ગેય પદો રૂપે રજૂ કરી છે. એવા સાધકોના જીવનમાં મિથ્યાત્વગુપસ્થાન, મિશ્રગુણસ્થાન, અવિરતિ સમ્યગ્દૃષ્ટિ, દેશવિરતિ, વગેરે ચૌદ ગુણસ્થાનો કોઈને કોઈ સ્વરૂપે દૃષ્ટિગત થાય છે.

કેટલાક રાસાઓમાં સાધુ,સાધ્વી, શ્રાવકાદિ સર્વવ્યક્તિઓના ઉપયુક્ત આચારવિચારની વ્યાખ્યા મળે છે. ગુણાકારસુરિકૃત "શ્રાવકવિધિરાસ" માં શ્રાવકધર્મનું માર્મિક વિવેચન થયું છે. એમાં પ્રાતઃ કાળે જાગૃત થવાનો આદેશ આપતા રાસકાર કહે છે કે "જે શ્રાવકને શયનાવસ્થામાં સૂર્યોદય થઈ ગયો તેને ન તો આ જીવનમાં સુખ છે કે ન તો જીનમાં શાંતિ છે."

"નલદંતીરાસ" , "પંચપાંડવરાસ" , "હરિશ્વચંદ્ર" ઈત્યાદિ પૌરાણિકરાસોમાં પૌરાણિક કથાનકોના માધ્યમથી અને તેમાં જૈન ધર્મ અનુસાર કેટલુંક પરિવર્તન કરીને રાસકરોએ અહિંસા, સત્ય, અપરિગ્રહ, ઈત્યાદિ સદ્ગુણોનો પ્રભાવ વર્ણવ્યો છે. કનકલુંદર કૃત હરિશ્ચચંદ્રમાં પ્રસિદ્ધ હરિશ્ચચંદ્ર અને શૈવ્યાની કરુણકથા રજૂ થઈ છે. અંતે એક જૈનમુનિવર ઉપસ્થિત થઈને હરિશ્વચંદ્રને અને શૈવ્યા તેમના પૂર્વજન્મની ઘટના સંભળાવીને દુઃખનું કારણ સમજાવે છે.

"સાધુ કહે નિજ્જીવને સાંભલ મનવીર

ભોગવ પૂર્વ ભવે કિયાએ દુઃખ જંજીર

કરમ કમાઈ આપની છૂટે નહિ કોય"

રાજા હરિશ્ચચંદ્રે મુનિના ઉપદેશથી પ્રભાવિત થઈ ચારિત્રવ્રત અંગીકાર કર્યું. આ રીતે પૌરાણિક કથાનકને આધારે રાસકારો જૈન ધર્મના સિદ્ધાંતો તરફ પાઠકને પ્રેરે છે.

"રામયશોરસાયનરાસ" , "અંજનાસુંદરીરાસ" , "કમલાવતીરાસ" ,"દ્રોપદીરાસ" ઈત્યાદી રાસકૃતિઓ જૈનધર્મના સિદ્ધાંતોનું નિરૂપણ કરીને વૈષ્ણવ અને જૈનધર્મમાં એકતા સ્થાપવાનો પ્રશસ્ય પ્રયાસ કરે છે.

કેટલાક રાસ જૈન ધાર્મિક અને દાર્શનિક સિદ્ધાંતોને ગેય પદો દ્વારા સરળ બનાવીને રજૂ કરે છે. જેથી સામાન્ય માનવ પણ તેને સરળતાથી હૃદયંગમ બનાવી શકે આવી રાસકૃતિઓમાં "ઉપદેશરસાયન રાસ" , "કર્મવિપાક રાસ" , "ગુણાવલી રાસ" , "મોહવિવેકનો રાસ" , "હિતશિક્ષારાસ" , "સમ્યક્ત્વકૌમુદીરાસ" , "નવતત્ત્વરાસ" ઈત્યાદિનો સમાવેશ થાય છે. "સપ્તક્ષેત્રિય રાસ" માં જિનવરકથિત નવતત્ત્વોનો મહિમા રજૂ થાય છે. "દ્રવ્ય ગુણ, પર્યાયરાસ" માં જૈન દાર્શનિક ગ્રંથ ઉત્તરાધ્યયનસૂત્રમાં નિરૂપિત ગેય સિદ્ધાંતોને, ગેયપદો દ્વારા સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. જૈન દર્શનમાં સંસાર, જીવ(ચેતન) અને અજીવ (જડ)ના સ્વરસપને વિસ્તારથી સમજાવેલ છે. અજીવના પાંચ પ્રકાર છે. ધર્મ, અધર્મ, આકાશ, પુદ્ગલ અને કાળ, "દ્રવ્ય-ગુણ-પર્યાયનો" રાસ બનાવનાર ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ આ વાતને તેમાં ઉલ્લેખ કરતાં કહે છે.

ધર્મ - અધર્મ હ ગગન સમયવલી, પુદ્ગલ જીવજ એક

ષટ્દ્રવ્ય કહિયો રે શ્રી જિનશાસનની જાસ ન આદિ ના છેહ...

ચંદનબાળા, શીલવતી, અંજનાસુંદરી, દ્રૌપદી, સુરસુંદરી, મલયસુંદરી, લીલાવતી, કમલાવતી, ઈત્યાદિ નારીઓને નાયિકા રૂપે રજૂ કરીને રાસકારોએ માનવજીવનની "સર્વોચ્ચ સ્થિતિ" મોક્ષપ્રાપ્તિને બતાવવાનો પ્રયાસ કર્યો છે. જેમકે "ચંદનબાળા રાસ" માં ચંદનબાલાના માધ્યમથી શીલરક્ષાના યજ્ઞમાં સર્વસ્વ હોમી દેવાની ઉદાત્તભાવના અભિવ્યક્ત થઈ છે. વળી નેમ વિજયકૃત "શીલવતી રાસ" માં પતિવ્રતા ધર્મનો મહિમા રજૂ થયો છે. રાસનો અંતે સમ્યગ્ જીવની સુંદર વ્યાખ્યા પ્રાપ્ત થાય છે. જે વ્યક્તિ સમ્યગ્શીલ રૂપી કવચ ધારણ કરે છે સાધુસંગમાં રહે છે. જિનવચનોનું પાલન કરે છે ક્રોધાદિનો ત્યાગ કરીને કામગ્નિને બાળે છે. મન, વચન, કાયાથી યોગ સાધના કરે છે તે ચારિત્રબળથી અવશ્ય મુક્તિ પ્રાપ્ત કરે છે.

ઉપસંહાર

ઉપરોક્ત વિષયને લક્ષમાં લઈને કહી શકાય કે જૈન રાસાસાહિત્યની પરંપરા પ્રાચીન સમયથી આજ સુધી અસ્ખલિત રહી છે એ એની લોકપ્રિયતા અને વ્યાપકતાનું પ્રમાણ છે. તેમ છતાં એટલું નોંધવું જોઈએ કે ઉત્તરવર્તી

રાસકૃતિઓમાં વિષયોની એકવિધતા અને કાવ્યસૌંદર્યનો અભાવ ખટકે છે. સર્વાંશે એમ કહી શકાય કે ગેયતા, નૃત્ય અને અભિનયના આનંદ સાથે કથારસ અને ધર્મામૃતનું બહુજન સમાજને પાન કરાવવામાં આવી કૃતિઓ મૂલ્યાધિકારીણી બની રહી છે. ગુજરાતી સાહિત્યના આખ્યાન, ગરબા, ગરબી, ઈત્યાદિ કાવ્યપ્રકારો માટે તો આ રાસાઓ ઉદ્‌ભવ સ્રોત સમાન છે. જૈનકથા સાહિત્યની વિશિષ્ટના, રાસ સાહિત્ય સ્વરૂપનો પરિચય તથા જૈન રાસકૃતિઓની તાસીર કે લાક્ષણિક મુદ્રા ચીંધી બતાવવાનો ઉપક્રમ અત્ર વર્ણવેલ છે. એ દ્વારા મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં મહત્ત્વની ધારા અને એમાંનું મહત્ત્વનું સાહિત્ય સ્વરૂપ "રાસ" કેવું વિરલ અને પ્રેરક છે એનો પરિચય પ્રાપ્ત થાય છે.

જૈન સાહિત્યના રાસસ્વરૂપમાં તત્ત્વજ્ઞાનમૂલક, નવપદની વિષયસામગ્રીવાળી, ધર્મપ્રધાન રાજવીને વિષય બનાવીને રચાયેલ કૃતિ "શ્રીપાળરાજનો રાસ" અદ્‌ભૂત છે. સમગ્ર જૈન સમાજમાં તે અનન્ય મહત્તા ધરાવે છે.